જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૨૦/૦૮/૨૦૨૩  રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૩૬૬/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૫૨ વ્યક્તિઓને ઝડપી, ૪૮૧ લીટર દેશી દારૂ, ૧૨૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૭ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૨૨ બિયર ટીન ૦૧ કાર અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગારધારા હેઠળ ૩ કેસ કરી, ૭ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૫,૫૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-  સમાચાર યાદી નં.૧૩૬૭/૨૦૨૩

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૭૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ-  સમાચાર યાદી નં.૧૩૬૮/૨૦૨૩

**વસ્ત્રાપુરઃ** હર્ષદ સ/ઓ મોહન સુબ્બારાવ નાઇક (ઉ.વ.૫૧)(રહે,વન-૪૯ એપાર્ટમેન્ટ, આંબલી રોડ, આંબલી) એ તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે જાન્યુઆરી/૨૦૨૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન વસ્ત્રાપુર માનસી સર્કલ પાસે જજીસ બંગલો રોડ, અભિશ્રી એડ્રોઇટ ખાતે આવેલ હર્ષદભાઇની કંપની “ક્રેસ્ટ સ્પેશિયાલીટી રેઝીન્સ પ્રા.લિ” ની ઓફીસ ખાતે આરોપી (૧) પ્રવિણ ભાનુશાળી અને (૨) દર્શિત જયેશ ભાનુશાળી “ગ્લોબલ ક્લિયરન્સ અને લોજીસ્ટીક (જી.સી.એલ)ના પ્રોપરાયટર (રહે. બિલ્ડીંગ નંબર-૪, શાંગરીલા સીએચ.એસ લિ. ૯૦ ફીટ રોડ, પી.એન.બી બેંક પાસે, અંધેરી ઇસ્ટ ,મુંબઇ મહારાષ્ટ્ર) નાઓ ભેગા મળી હર્ષદભાઇની “ક્રેસ્ટ સ્પેશ્યાલીટી રેઝીન્સ પ્રા.લિ કંપની દ્વારા આયાત તથા નિકાસ કરવામાં આવતા કેમીકલના માલની કસ્ટમ ક્લીયરન્સની કામગીરી કરતા હતા દરમ્યાન તા.૦૭/૦૧/૨૦૨૦ થી તા.૧૭/૧૦/૨૦૨૨ સુધીમાં હર્ષદભાઇની કંપનીના આયાત કરેલ કેમીકલના કુલ-૪૬ બીલ, ઓફ એન્ટ્રીવાળા માલના ક્લીયન્સ માટે હર્ષદભાઇની કંપની તરફ થી કસ્ટમ ડ્યુટી તથા આઇ.જી.એસ.ટી. ની અલગ-અલગ રકમ મળી કુલ રૂપિયા ૬,૭૩,૫૬,૫૭૬/-

“ગ્લોબલ ક્લિયરન્સ એન્ડ લોજીસ્ટીક” ના પંજાબ નેશનલ બેંક તથા એક્સિસ બેંક શાકીનાકા બ્રાન્ચ, મુંબઇ ના બેંક ખાતામાં ઓનલાઇન ટ્રાન્સફર કરાવી, જે પૈકી કુલ-૨૭ બીલ, ઓફ એન્ટ્રીવાળા કેસમાં અલગ-અલગ રૂપિયા મળી ફક્ત રૂપિયા ૮૬,૪૩,૮૧૯/- કસ્ટમ ડ્યુટી તથા આઇ.જી.એસ.ટી તરીકે ચુકવી બાકીના કુલ રૂપિયા ૫,૮૭,૧૨,૭૫૭/- પોતાના અંગત ઉપયોગમાં લઇ, આ રૂપિયા ચુકવ્યા વિના હર્ષદભાઇની કંપનીની સંમતિ વિના કંપનીના એડવાન્સ લાયસન્સનો ઉપયોગ કરી માલ કસ્ટમ ક્લીયર કરાવી, રૂપિયા કસ્ટમ વિભાગમાં ભરેલ છે તેવુ પ્રસ્થાપિત કરવા સારૂ પંજાબ નેશનલ બેંકના બનાવટી ડીમાન્ડ ડ્રાફ્ટ તથા બેંક ટ્રાન્સફરના ચલણો તથા કસ્ટમ વિભાગમાં પૈસા જમા કર્યા અંગેના કસ્ટમ વિભાગના સિક્કાવાળા બનાવટી ચલણની કોપી રજુ કરી હર્ષદભાઇની કંપની સાથે કુલ રૂપિયા ૫,૮૭,૧૨,૭૫૭/- મતાની છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.કે.ડાંગર ચલાવે છે.

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૬૯/૨૦૨૩</u>**

**રાણીપઃ** મંજુલાબહેન વા/ઓ રવિન્દ્રકુમાર વાઘેલા(ઉ.વ.૪૦)(રહે.મહાવિર સોસાયટી નવનિર્માણ સ્કૂલ પાછળ રાણીપ) એ રાણીપ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૮/૦૮/૨૦૨૩ રાતના ૧૧/30 વાગ્યા થી તા.૧૯/૦૮/૨૦૨૩ સવારના ૫/૧૫ વાગ્યા દરમ્યાન પોતાના ઘરના દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, તિજોરીમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા ૮,૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૨૩,૮૨,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ગોહીલ ચલાવે છે.

**<u>ચોરીઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૭૦/૨૦૨૩</u>**

**વટવાઃ** નીલમબહેન વા/ઓ રાજેશભાઇ પટેલ (ઉ.વ.૪૧)(રહે.આંનદ ટેનામેન્ટ, સ્મૃતિ મંદિર સામે, ઘોડાસર) તા.૧૯/૦૮/૨૦૨૩ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૮/૨૦૨૩ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે તીજોરીના લોકની બીજી ચાવી બનાવવા સારૂ આવેલ ત્રણ અજાણ્યા પુરૂષ ભેગામળી તીજોરી ચેક કરવાના બહાને તીજોરીમાંથી (૧) સોનાની ચેઇન કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- (૨) સોનાના કડા કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- (૩) સોનાની બુટી કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- ચોરી કરી લઇ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.ડી.પટેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૩૭૧/૨૦૨૩</u>**

**રીવરફ્રન્ટ વેસ્ટઃ** આકાશભાઇ અશોકભાઈ બ્રહમભટ્ટ (ઉ.વ.૩૮)(રહે.મંગલમ ટેનામેન્ટ, મેઘરાજ નગર મંગલેશ્વર મહાદેવ મંદિર પાસે, ઘોડાસર) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૩ સવારના ૧૦/૨૫ વાગ્યા પહેલા પશ્ચીમ કિનારે એન.આઇ.ડી.રીવરફ્રન્ટ વોક-વે, સીડી નંબર-૪૮ નજીક નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી વિક્રમભાઈ મનજીભાઈ ચલાવે છે.

**ખાડીયા**ઃ દિપાબહેન દેવાંગભાઇ શાહ (રહે.ખાડીયા શોપીંગ સેન્ટરની બાજુમાં, શ્રીરામ શેરીની અંદર, દિપક ડેરીની બાજુમાં, ખાડીયા) એ અગમ્ય કારણસર તા.૧૯/૦૮/૨૦૨૩ સવારના ૧૦/૦૦ થી સાંજના ૪/30 વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખાડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી આર.એમ.વાળા ચલાવે છે.

**દાણીલીમડા**ઃ વિજયભાઇ રામુભાઇ પરમાર (ઉ.વ.૨૧)(રહે.મ્યુનીસીપાલિટી ઢોર ડબ્બા ખાતે આવેલ સંસ્કાર એજ્યુકેશન ટ્રસ્ટમાં, ઢોરબજાર દાણીલીમડા) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૮/૨૦૨૩ ના કલાક ૨૪/૦૦ થી તા.૧૯/૦૮/૨૦૨૩ સવારના ૬/૦૦ વાગ્યા દરમ્યાન ઢોર બજાર ચાર રસ્તા, ઢોરડબ્બા ખાતે ઢાળ ઉપર આવેલ ઝાડ સાથે નાયલોનની દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે દાણીલીમડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી પરાગકુમાર પ્રફુલચંદ્ર ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી